# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-05-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક :

કચ્છ જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાકક્ષાની સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. કલેક્ટરશ્રીએ પ્રજાલક્ષી કામોને આયોજનબદ્ધ રીતે અને ત્વરિત પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

આ બેઠકમાં રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ વીજળી, નર્મદા કેનાલ, પીવાનું પાણી, રસ્તા મરામ્મત અને આરોગ્ય સ્ટાફની ઘટ જેવા પ્રશ્નો રજૂ કર્યા હતા. જ્યારે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજાએ નખત્રાણા ટાઉનહોલ, સરકારી કોલેજ, ડેમ નિર્માણ, પાક નુકસાની અને સ્થાનિક રોજગારી અંગે રજૂઆતો કરી હતી.

કલેક્ટરશ્રીએ પાણી અને વીજળીના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે પ્રાંત અધિકારીઓને ખાસ આયોજન કરવા જણાવ્યું હતું. અધિકારીઓને રૂબરૂ મુલાકાત લઈ પ્રશ્નો ઉકેલવા અને શિક્ષણ વિભાગને રોજગારલક્ષી શિક્ષણ આપવા કલેકટરે માર્ગદર્શન આપ્યું હતું. બેઠકમાં પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર, આરએસી ડી.પી.ચૌહાણ અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**--------------------------------------------------------------------------------------------**

## માછીમારો માટે ફિશિંગ વેકેશન :

જખૌ સહિત રાજ્યભરના માછીમારો માટે આગામી ૧લી જૂનથી ફિશિંગ વેકેશન જાહેર કરાયો છે. માછલીઓના પ્રજનન અને સંવર્ધનને ધ્યાનમાં રાખી પશ્ચિમ દરિયાકાંઠાના આર્થિક ઝોનમાં ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી અને ગુજરાતના પ્રાદેશિક જળ વિસ્તારમાં ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધી યાંત્રિક બોટો દ્વારા થતી માછીમારી પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

જોકે, બિન-યાંત્રિક હોડીઓ અને પગડિયા માછીમારોને આમાંથી મુક્તિ અપાઈ છે. આ નિયમનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી થશે.

---

## વસ્તીગણત્રી માટે તૈયારી :

કચ્છ જિલ્લામાં આગામી ૧ જૂનથી વસ્તી ગણતરી ૨૦૨૭નો પ્રથમ તબક્કો શરૂ થઈ રહ્યો છે. મુંદરા શહેરમાં વસ્તી ગણતરી માટે ૭૫ બ્લોક નિર્ધારિત કરી, ગણતરીદારો અને સુપરવાઇઝરોની ડિજિટલ પ્રક્રિયા અંગેની તાલીમ પૂર્ણ કરવામાં આવી છે.

બીજી તરફ, હીટવેવને ધ્યાને રાખીને કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે નિવાસી અધિક કલેક્ટર ડી.પી. ચૌહાણે વસ્તી ગણતરીની તાલીમનો સમય સવારનો કરવા મામલતદારો અને મુખ્ય અધિકારીઓને સૂચના આપી છે.

---

## આહીર સમાજમાં લગ્નોત્સવ :

કચ્છભરમાં વૈશાખ માસની અંધારી તેરસના પાવન દિવસે પ્રાંથળિયા આહીર સમાજ દ્વારા પરંપરાગત અને સાદગીપૂર્ણ સમૂહ લગ્નોત્સવો યોજાયા હતા, જેમાં અંદાજે ૧૧૭૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. ભચાઉના જંગી, આમલિયારા, છાડવાડા, કણખોઈ, ચોબારી તેમજ રાપરના ખેંગારપર, રામવાવ, કુંડા અને પશ્ચિમ કચ્છના નખત્રાણા સહિતના વિસ્તારોમાં લગ્નોત્સવ યોજાયા હતા. સમુહલગ્નમાં ભાતીગળ સંસ્કૃતિ અને બળદગાડાની જાન વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. સમાજના સુધારાત્મક નિર્ણયોના ભાગરૂપે બિનજરૂરી ખર્ચ અને વૈભવી ઉજવણી પર નિયંત્રણ રાખી સાદગીને પ્રાધાન્ય અપાયું હતું

---

## કચ્છને નવી બસો મળી :

રાજ્યભરમાં વેકેશનના કારણે એસટી બસોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ ભીડને નિયંત્રિત કરવા અને પરિવહન સેવા વધુ સુદ્રઢ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા માર્ગો પર નવી ૩૦૦ એસટી બસો ઉતારવાનો નિર્ણય લેવાયો છે. આ અંતર્ગત કચ્છના ભુજ એસટી વિભાગને નવી ૬ બસોની ફાળવણી કરવામાં આવી છે.

ભુજ વિભાગને મળેલી આ નવી બસોમાં ૫૧ સીટરની ક્ષમતા ધરાવતી ૪ સુપર એક્સપ્રેસ બસો છે, જેને લાંબા અંતરના રૂટ પર દોડાવવામાં આવશે. જ્યારે બાકીની ૨ નવી મિની બસોનો ઉપયોગ લોકલ રૂટ માટે કરવામાં આવશે. આ બસો ભુજ ડેપો ખાતે આવ્યા બાદ તેના રૂટ અને સમયપત્રક નક્કી કરાશે.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં ફૂડ વિભાગ દ્વારા ચેકિંગ :

ઉનાળાની ઋતુ દરમિયાન લોકોના આરોગ્ય સાથે કોઇ ચેડા ન થાય તે માટે ગાંધીધામ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં સઘન ચેકિગ હાથ ધરાયું છે.

ચેકિંગ દરમિયાન આઇસ્ક્રીમ ગોલા, જ્યુસ, કેરી રસ, શ્રીખંડ, ઠંડા પીણા, પનીર, પફ સહિત કુલ 13 ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ફૂડ વિભાગે તરફ બનાવતી પેઢીઓ અને અંદાજે 40 જેટલી લારીઓની પણ તપાસ કરી હતી સાથે જ રેસ્ટોરેન્ટ સંચાલકોને એનાલોગ પનીર અને દૂધમાંથી બનેલા પનીર અંગે સ્પષ્ટ માહિતી દર્શાવતો બોર્ડ લગાવવાની સૂચના આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## હવામાન :

કચ્છમાં આજે ગરમીનું પ્રમાણ વધુ રહેતા જનજીવનને અસર પહોંચી છે. ગઈકાલે મહત્તમ તાપમાનમાં સરેરાશ ૩ ડિગ્રીનો ઘટાડો નોંધાતાં લોકોને આકરા તાપમાંથી આંશિક રાહત મળી હતી, પરંતુ હવામાં ભેજનું પ્રમાણ ૭૦થી ૮૦ ટકા જેટલું ઊંચું રહેતાં ઉકળાટ અને પરસેવાથી અકળાયા છે.

ગઈકાલે કંડલા વિસ્તારમાં પારો ૪૦.૨ ડિગ્રી, ભુજમાં ૩૮ ડિગ્રી અને નલિયામાં ૩૫ ડિગ્રી રહ્યો હતો. હવામાન વિભાગે હજુ બે દિવસ ગરમીનો આ દોર યથાવત્ રહેવાની સંભાવના સાથે યલો એલર્ટ જારી કર્યું છે.

---------------------------------------------------------------------------------

## કેમિસ્ટોની હડતાળ :

ઓનલાઇન દવાઓનું વેચાણ, નિયમ ભંગ અને ભારે ડિસ્કાઉન્ટના વિરોધમાં ૨૦ મે ના રોજ દેશભરના ૧૨.૪૦ લાખથી વધુ કેમિસ્ટો ૨૪ કલાકની હડતાળ પાળશે.

આ હડતાળને કચ્છ જિલ્લા કેમિસ્ટ એસોસિયેશને ટેકો જાહેર કર્યો છે. જોકે, દર્દીઓની સુવિધા માટે ભુજ, અંજાર, રાપર અને મુંદરા સહિતના વિસ્તારોમાં વૈકલ્પિક વ્યવસ્થા રૂપે બબ્બે મેડિકલ સ્ટોર્સ ખુલ્લા રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------